# SBI લૂંટમાં પિસ્તોલ ક્યાંથી આવી?

**શુભમને** ખબર જ નથી કે તેને પિસ્તોલ આપનાર કોણ હતું અને પોલીસ તપાસ અટકી ગઇ

**કુંદન** ભગતે કરેલા ફૂલપ્રૂફ પ્લાનિંગના કારણે પોલીસની તપાસ વારંવાર અટકી જાય છે

સુરતઃ વરાછાના લંબે હનુમાન રોડ પર આવેલી એસબીઆઈ (SBI) શાખામાંથી ધોળા દિવસે થયેલી રૂ. 50 લાખની સનસનાટીભરી લૂંટમાં માસ્ટર માઈન્ડ ગેંગસ્ટર કુંદન ભગતે એવું 'ક્રાઈમ નેટવર્ક' વણ્યું છે કે પોલીસની ટીમો હજુ પણ અંધારામાં ફાંફા મારી રહી છે. પકડાયેલા આરોપી શુભમ પાસેથી પિસ્તોલ તો રિકવર થઈ ગઈ છે, પરંતુ આ હથિયાર કોણ લાવ્યું અને ક્યાંથી આવ્યું તે રહસ્ય હજુ પણ અકબંધ છે. કુંદન ભગતના ફૂલપ્રૂફ પ્લાનિંગને કારણે પોલીસ એક ડગલું આગળ વધે ત્યાં જ તપાસ અટકી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ઉત્તર પ્રદેશથી જ્યારે શુભમ લૂંટ કરવા માટે સુરત આવ્યો ત્યારે તેની પાસે કોઈ હથિયાર નહોતું. લૂંટના દિવસે જ તેને પિસ્તોલ પૂરી પાડવામાં આવી હતી.

આ જ કુંદન ભગતની સૌથી મોટી ચાલ હતી. શુભમ પોતે નથી જાણતો કે તેને પિસ્તોલ આપનાર વ્યક્તિ કોણ હતી કે તે હથિયાર ક્યાંથી ખરીદવામાં આવ્યું હતું. પરિણામે, હથિયારના મૂળ સોર્સ સુધી પહોંચવામાં પોલીસના હાથ ટૂંકા પડી રહ્યા છે. ગુરુવારે જ્યારે ક્રાઈમ બ્રાન્ચ અને વરાછા પોલીસની ટીમ શુભમને લઈને કીમ નજીક કન્યાસી ગામની સીમમાં પહોંચી હતી, ત્યારે તેણે પોલીસ પર ફાયરિંગ કરી નાસવાનો પ્રયાસ કર્યો હતો. વળતા જવાબમાં એસીપી કિરણ મોદીએ આત્મરક્ષણાર્થે ફાયરિંગ કરી શુભમના પગમાં ગોળી ધરબી દીધી હતી.

પોલીસે લોડેડ પિસ્તોલ અને મોબાઈલ કબજે કર્યા છે, પરંતુ આટલી જહેમત બાદ પણ પિસ્તોલની ખરીદી કરનાર સુધી પહોંચવું પોલીસ માટે લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થઈ રહ્યું છે.

### ડગલે ને પગલે 'માસ્ટર માઈન્ડ'નું ભેજું

ગેંગસ્ટર કુંદન ભગતે આ લૂંટમાં અણધાર્યા વળાંકો મૂક્યા છે જેમાં લૂંટમાં વપરાયેલી બાઇકની નંબર પ્લેટ નકલી હોવાથી પોલીસની એક કડી ત્યાં જ તૂટી ગઈ હતી.જૂના મોબાઈલ બંધ કરી નવા ફોન અને સિમકાર્ડનો ઉપયોગ કરી તપાસને ભટકાવી દીધી.સુરતમાંથી અલગ-અલગ રીતે ભાગીને હિંમતનગર બસ સ્ટેન્ડ પર એકઠા થવાનો પ્લાન એટલી ચોકસાઈથી ઘડ્યો હતો કે સીસીટીવી ફૂટેજ પણ પોલીસને ખાસ મદદ કરી શક્યા નહીં. એક આરોપી બીજાની ઓળખ ન આપી શકે તે રીતે ટીમો બનાવવામાં આવી હતી.

### 5 રાજ્યમાં તપાસ છતાં 5 આરોપી પકડાયા નથી

વરાછા પીઆઈ એ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમો સતત તપાસ કરી રહી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમો છેલ્લા કેટલાય દિવસોથી પાંચ અલગ-અલગ રાજ્યોમાં ધામા નાખીને બેઠી છે. જોકે, કુંદનના પ્લાનિંગ સામે પોલીસને હજુ સુધી કોઈ મોટી સફળતા મળી નથી. પકડાયેલા બે આરોપીઓ રિમાન્ડ હેઠળ છે, પરંતુ બાકીના પાંચ સાગરીતો પોલીસને રીતસરના હંફાવી રહ્યા છે.

### કીમ પોલીસ સ્ટેશનમાં શુભમ સામે હત્યાના પ્રયાસનો ગુનો

સુરત, કીમ : એસબીઆઇ લૂંટ પ્રકરણના આરોપીને પોલીસ રિકન્સ્ટ્રક્શન વખતે કીમ નજીક લઇ ગઇ હતી. તે સમયે આરોપી શુભમે સંતાડેલી પિસ્તોલ લઇને પીઆઇ વાળા પર ફાયરિંગ કર્યું હતું. જેના જવાબમાં પીઆઇ વાળાએ પણ ફાયરિંગ કર્યું હતું જેમાં આરોપીના પગમાં ગોળી વાગી ગઇ હતી. ઘટનાની ગંભીરતાને જોતા સુરત રૂરલના ડીવાયએસપી બી.કે. વનાર સહિતનો કાફલો કીમ પોલીસ મથકે દોડી આવ્યો હતો. એફએસએલ (FSL)ની ટીમે મોડી રાત્રે જ ઘટનાસ્થળની મુલાકાત લઈ પંચનામું કર્યું હતું અને ત્યાંથી ખાલી કારતૂસ તેમજ અન્ય પુરાવાઓ એકત્ર કર્યા હતા. આ મામલે કીમ પોલીસે આઈપીસીની કલમ 307 (હત્યાનો પ્રયાસ) અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડિપ્લોમાથી ડિગ્રી-2026નું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર થશે

અમદાવાદ : ડીપ્લોમાંથી ડીગ્રી-2026નું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. ત્યારબાદ જૂન મહિનાના બીજા સપ્તાહથી ડિપ્લોમાથી ડિગ્રી એન્જિનિયરિંગ પ્રવેશ પ્રક્રિયા માટે ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવશે. પ્રવેશ સમિતીના સુત્રોના જણાવ્યા પ્રમાણે સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ ડિપ્લોમાથી ડિગ્રી માટેનું મેરીટ માત્ર DDCET-2026માં મેળવેલા રેન્કના આધારે જ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, પરીક્ષામાં પ્રાપ્ત ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. પ્રવેશ પ્રક્રિયા દરમિયાન સરકાર દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવતા નિયમો અને માર્ગદર્શિકાઓને આધિન રહીને કાર્યવાહી કરવામાં આવશે. વિદ્યાર્થીઓને જરૂરી દસ્તાવેજો અને ઓનલાઈન નોંધણી માટે સમયસર તૈયારી રાખવા સૂચના આપવામાં આવી છે. પ્રવેશ સંબંધિત વધુ માહિતી માટે ઉમેદવારોને વેબસાઈટ જોતા રહેવા અપીલ કરવામાં આવી છે.

ઉખડેલી ટાઇલ્સ, બંધ એસી અને ઠેર ઠેર કરોળિયાના જાળા

# આરોગ્યમંત્રી તેમના જ શહેરની સિવિલની ગંદકી જોઇ ચોંકી ગયા

**સિવિલ** સુપરિન્ટેન્ડેન્ટને રોકડું પરખાવ્યું મંત્રીએ રાઉન્ડ લેવા પડે તે શરમજનક બાબત



સુરતઃ આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ આજરોજ સુરતની નવી સિવિલ હોસ્પિટલની સરપ્રાઈઝ વિઝીટ લઈ આરોગ્ય સેવાઓની હકીકતની સમીક્ષા કરી હતી. મંત્રીએ હોસ્પિટલના વિવિધ વોર્ડ, ટ્રોમા સેન્ટર, તાત્કાલિક સારવાર વિભાગ, ઓપીડી વિભાગો તેમજ કોવિડ બિલ્ડિંગની મુલાકાત લઈને તંત્રને દર્દીકેન્દ્રિત અને સ્વચ્છ આરોગ્ય વ્યવસ્થા માટે કડક સૂચનાઓ આપી હતી.

મંત્રીએ ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને દર્દીઓ સાથે સીધી વાતચીત કરી તેમની સમસ્યાઓ અને મંતવ્યો જાણી હોસ્પિટલની હાલની કામગીરી અંગે તલસ્પર્શી સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન હોસ્પિટલના અનેક વિસ્તારોમાં ગંદકી, તૂટફૂટ અને જાળવણી સંબંધિત મુદ્દાઓ સામે આવતા તેમણે અધિકારીઓને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા આદેશ આપ્યો હતો. આરોગ્ય રાજ્યમંત્રીએ હોસ્પિટલના તમામ વોર્ડ, લોબી, બાથરૂમ અને સામાન્ય વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે "ઝીરો ટોલરન્સ"નીતિ અપનાવવાની સૂચના આપી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હોસ્પિટલમાં ગંદકી અથવા બેદરકારી બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું કે સિવિલ હોસ્પિટલ રાજ્યમાં કોર્પોરેટ સ્તરની સ્વચ્છતા અને વ્યવસ્થાનું મોડેલ બનવી જોઈએ. દર્દીઓને સ્વચ્છ અને સુવિધાસભર વાતાવરણ મળે તે તંત્રની પ્રથમ ફરજ છે. મંત્રીએ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેડન્ટને કડક શબ્દોમાં તાકીદ કરતાં જણાવ્યું કે હોસ્પિટલની સ્વચ્છતા અને વ્યવસ્થાની અંતિમ જવાબદારી તેમની રહેશે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે મંત્રી તરીકે જાતે રાઉન્ડ લેવા પડે તે શરમજનક બાબત છે અને જવાબદાર અધિકારીઓએ નિયમિત સ્થળ મુલાકાત લઈને કામગીરીની દેખરેખ રાખવી જરૂરી છે.

### સુપરિન્ટેન્ડેન્ટની સીધી જવાબદારી, નિયમિત મુલાકાત લેવા સૂચના આપતા મંત્રી

હોસ્પિટલના મેડિકલ સાધનો, મશીનો અને ઇલેક્ટ્રિક સિસ્ટમની જાળવણી મુદ્દે મંત્રીએ PIU અને ઇલેક્ટ્રિક વિભાગને કડક ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું કે મેન્ટેનન્સના અભાવે જો કોઈ સારવાર સેવા ખોરવાશે તો જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. કિડની બિલ્ડિંગમાં તૂટેલી ટાઇલ્સ, જાળાં અને પોસ્ટમોર્ટમ રૂમના બંધ AC સહિતની સમસ્યાઓ 24 કલાકમાં દૂર કરી રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

### બાથરૂમ અને વોર્ડની હાલત જોઈ મંત્રી નારાજ

નિરીક્ષણ દરમિયાન હોસ્પિટલના બાથરૂમ અને વોર્ડોમાં પૂરતી સ્વચ્છતા ન જળવાતી હોવા અંગે આરોગ્ય મંત્રીએ ગંભીર નોંધ લીધી હતી. અનેક જગ્યાએ ટાઇલ્સ ઉખડી ગયેલી તેમજ જર્જરિત હાલતમાં દેખાતા તાત્કાલિક મરામત હાથ ધરવા માટે પી.ડબલ્યુ.ડી. વિભાગના અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતા ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓને સ્વચ્છ અને સુવિધાસભર વાતાવરણ મળવું જ જોઈએ અને તેમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં.

### પી.એમ. રૂમની સમસ્યાઓ મુદ્દે તંત્રને ઠપકો

હોસ્પિટલમાં એર કન્ડિશનિંગ સંબંધિત સમસ્યાઓ તેમજ પી.એમ. રૂમ ખાતે જોવા મળતી અસુવિધાઓ અંગે પણ મંત્રીએ નારાજગી વ્યક્ત કરી હતી. દર્દીઓ અને તેમના પરિવારજનોને મુશ્કેલી ન પડે તે માટે તાત્કાલિક અસરથી જરૂરી કામગીરી પૂર્ણ કરવા અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા હતા. આ સાથે જ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ, આરએમઓ અને અન્ય જવાબદાર અધિકારીઓ સાથે બેઠક યોજી કામગીરીમાં ઉદાસીનતા દાખવનાર સામે કડક પગલાં ભરવાની ચેતવણી આપવામાં આવી હતી.

### "મને પરિણામ જોઈએ, બહાના નહીં": આરોગ્ય મંત્રી

મુલાકાતના અંતે આરોગ્ય રાજ્યમંત્રીએ તંત્રને ચેતવણી આપતાં જણાવ્યું કે હોસ્પિટલમાં સુધારો નહીં થાય અને દર્દીઓના હિતમાં કામગીરી નહીં થાય તો કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. તેમણે જણાવ્યું કે હોસ્પિટલ એ સેવાનું ધામ છે અને અહીં આવતા જરૂરિયાતમંદ નાગરિકોને શ્રેષ્ઠ સારવાર અને સુવિધા આપવી એ નૈતિક તેમજ વહીવટી ફરજ છે. આગામી સમયમાં પણ સુરત સિવિલ હોસ્પિટલમાં અચાનક ચેકિંગ અને સમીક્ષા ચાલુ રહેશે જેથી આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ અને દર્દીકેન્દ્રિત બની શકે.

### એન્જીયોગ્રાફી મશીન વહેલી તકે કાર્યરત કરવાની સૂચના

મંત્રીએ હોસ્પિટલમાં બંધ હાલતમાં પડેલા સાધનોને તાત્કાલિક કાર્યરત કરવા સૂચના આપી હતી. ખાસ કરીને એન્જીયોગ્રાફી મશીન ઝડપથી શરૂ કરવા જણાવ્યું હતું. સાથે જ હોસ્પિટલને જરૂરી નવા સાધનોની યાદી તૈયાર કરીને રજૂ કરવા પણ કહ્યું હતું જેથી દર્દીઓની સારવારમાં કોઇ વિલંબ ન થાય.

# કોન્ટ્રાક્ટરે NHAI પર 174.49નો દાવો કર્યો, મંજૂર થયા 54 લાખ

**NHAIએ** NH-48ના કામરેજ-ચલથાણ સેક્શનના છ-લેનિંગ સંબંધિત આર્બિટ્રેશન બાબતનો સફળતાપૂર્વક બચાવ કર્યો

સુરતઃ મહત્વપૂર્ણ આર્બિટ્રેશન જીત હાંસલ કરીને NHAIએ ગુજરાતના સુરત જિલ્લામાં NH-48ના કામરેજ-ચલથાણ સેક્શનના છ-લેનિંગ સંબંધિત આર્બિટ્રેશન બાબતનો સફળતાપૂર્વક બચાવ કર્યો છે, જેનાથી જાહેર ભંડોળની નોંધપાત્ર બચત થઈ છે. કોન્ટ્રાક્ટર દ્વારા ઉભા કરવામાં આવેલા આશરે રૂપિયા 174.49 કરોડના દાવાઓ સામે, આર્બિટ્રલ ટ્રિબ્યુનલે કેસના નિકાલ માટે માત્ર રૂપિયા 54 લાખ આપ્યા હતા, જે NHAI દ્વારા ડિજિટલ પ્રોજેક્ટ મોનિટરિંગ, મજબૂત દસ્તાવેજીકરણ અને પુરાવા-આધારિત કોન્ટ્રાક્ટ મેનેજમેન્ટના મહત્વને રેખાંકિત કરે છે.

આ બાબત NH-48ના 15 કિમી લાંબા કામરેજ-ચલથાણ સેક્શનને ફોર લેનમાંથી સિક્સ લેનમાં પહોળા કરવા માટેના નેશનલ હાઈવે પ્રોજેક્ટ સાથે સંબંધિત હતી, જેમાં કામરેજ-ભરૂચ સેક્શન પરના ચાર બ્લેક સ્પોટ્સ માટે લાંબા ગાળાના ઉપચારાત્મક પગલાંના અમલીકરણનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ જૂન 2016માં રૂપિયા 241.41 કરોડના બિડ ખર્ચે એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (EPC) મોડમાં વિકાસ માટે કોન્ટ્રાક્ટર M/s SCIW-Unique Construction (JV)ને આપવામાં આવ્યો હતો. કામ શરૂ કરવાની નિયત તારીખ 21 માર્ચ, 2017ના રોજ 87.75% જમીનની ઉપલબ્ધતા સાથે જાહેર કરવામાં આવી હતી.

અમલીકરણ દરમિયાન, કોન્ટ્રાક્ટરે વારંવાર જમીન સંબંધિત અવરોધો ટાંક્યા, ધીમી પ્રગતિ દર્શાવી અને કોન્ટ્રાક્ટની જોગવાઈઓ અનુસાર કામ કરવામાં નિષ્ફળ રહ્યા. માત્ર રસ્તા અને ડ્રેનેજને લગતા સરળ કામો હાથ ધરવામાં આવ્યા હતા, મુખ્ય સ્ટ્રક્ચર્સ અને ફ્લાયઓવરના વિકાસનું કામ હાથ ધરવામાં આવ્યું ન હતું. કામગીરીમાં સતત ખામીઓને કારણે, 11 મે, 2020ના રોજ આશરે 49.79%ની ભૌતિક પ્રગતિએ કોન્ટ્રાક્ટ પરસ્પર રીતે ફોરક્લોઝ (બંધ) કરવામાં આવ્યો હતો.

ફોરક્લોઝરના સમયે, બંને પક્ષો સંમત થયા હતા કે તમામ દાવાઓ સંપૂર્ણ અને અંતિમ રીતે પતી ગયા છે અને કોન્ટ્રાક્ટરે ભવિષ્યમાં કોઈ પણ દાવા નહીં કરવાની સ્પષ્ટ બાંયધરી આપી હતી. જો કે, 2022માં, કોન્ટ્રાક્ટરે NHAI સામે આશરે રૂપિયા 174.49 કરોડનો દાવો કરીને આર્બિટ્રેશન પ્રક્રિયા શરૂ કરી જે ફોરક્લોઝર એગ્રીમેન્ટની શરતોની વિરુદ્ધ હતી.

આર્બિટ્રેશન કાર્યવાહી દરમિયાન, NHAI એ આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ વિગતવાર દસ્તાવેજી અને ડિજિટલ પુરાવા રજૂ કર્યા હતા. આમાં ડ્રોન વિડિયોગ્રાફી, ડિજિટલ પ્રોજેક્ટ રેકોર્ડ્સ અને ટેકનિકલ દસ્તાવેજોનો સમાવેશ થાય છે જે દર્શાવે છે કે સિક્સ-લેનિંગ કામોના અમલીકરણ માટે પૂરતી જમીન ઉપલબ્ધ હતી અને રાઈટ ઓફ વેની ધાર પર ડ્રેનેજનું નોંધપાત્ર કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું હતું.

પુરાવાઓએ વધુમાં સ્થાપિત કર્યું કે કોન્ટ્રાક્ટરે પ્રોજેક્ટના મુખ્ય અને પડકારરૂપ ઘટકો, જેમાં મુખ્ય સ્ટ્રક્ચર્સ અને ફ્લાયઓવરનો સમાવેશ થાય છે, તે હાથ ધર્યા ન હતા, જેણે કોન્ટ્રાક્ટના ફોરક્લોઝરમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો.રજૂ કરાયેલ રજૂઆતો અને પુરાવાઓના આધારે આર્બિટ્રલ ટ્રિબ્યુનલે, 10 માર્ચ, 2026ના રોજ તેના એવોર્ડમાં, કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલા વર્ચ્યુઅલી તમામ દાવાઓને ફગાવી દીધા હતા. અંદાજે રૂપિયા 174.49 કરોડના દાવાઓ સામે, ટ્રિબ્યુનલે દાવેદારની તરફેણમાં માત્ર રૂપિયા 54 લાખ મંજૂર કર્યા હતા.

# મે મહિનાની ઉજવણી સોલાર માસ તરીકે કરવાનો નિર્ણય

**દક્ષિણ** ગુજરાતમાં 'પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બીજલી યોજના'ને મળશે નવી ગતિ

સુરતઃ દેશમાં સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા અને સામાન્ય નાગરિકોના વીજબીલમાં રાહત પહોંચાડવાના હેતુથી ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) સહિત દેશભરની વીજ વિતરણ કંપનીઓ દ્વારા મે-2026ને "સોલાર માસ"તરીકે ઉજવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. "પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બીજલી યોજના"અંતર્ગત વધુમાં વધુ લોકો સુધી રૂફટોપ સોલાર યોજનાનો લાભ પહોંચે તે માટે સમગ્ર મહિના દરમિયાન વિશેષ અભિયાન હાથ ધરાશે.

ભારત સરકાર દ્વારા 13 ફેબ્રુઆરી, 2024ના રોજ શરૂ કરાયેલી "પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બીજલી યોજના"હેઠળ દેશભરમાં એક કરોડ રહેણાંક મકાનો પર રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આશરે 75,021 કરોડના ખર્ચ સાથે અમલમાં આવેલી આ યોજના હેઠળ 3 કિલોવોટ સુધીની રૂફટોપ સોલાર સિસ્ટમ માટે ગ્રાહકોને 78,000 સુધીની કેન્દ્રીય સહાય આપવામાં આવે છે. જેના કારણે સામાન્ય પરિવાર પોતાના ઘરમાં વીજ ઉત્પાદન કરીને માસિક વીજબીલમાં નોંધપાત્ર બચત મેળવી શકે છે. રહેણાંક ગ્રાહકો, રહેણાંક કલ્યાણ સંસ્થાઓ તેમજ ગ્રુપ હાઉસિંગ સોસાયટીઓને યોજનાનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવશે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તમામ વીજ ગ્રાહકોને "પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બીજલી યોજના"નો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ચાર મુખ્ય મુદ્દાઓ પર રહેશે ખાસ ફોકસ

1. વધુમાં વધુ ગ્રાહક અરજીઓ મેળવવાનો પ્રયાસ (2) ઝડપી રૂફટોપ સોલાર સ્થાપન (3)ઇન્સ્પેક્શન પ્રક્રિયાને મળશે ગતિ (4) નવા વેન્ડરોને પ્રોત્સાહન

### શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્યોનું રાષ્ટ્રીય સન્માન

MNRE દ્વારા મે-2026 દરમિયાનના પ્રદર્શનના આધારે દેશભરમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સન્માનિત કરવામાં આવશે. ચાર અલગ-અલગ કેટેગરીમાં પુરસ્કારો આપવામાં આવશે. સૌથી વધુ ગ્રાહક અરજીઓ મેળવનાર રાજ્ય, સૌથી વધુ રૂફટોપ સોલાર સ્થાપન કરનાર રાજ્ય, અને સૌથી વધુ વેન્ડર નોંધણીઓ કરનાર રાજ્યનું સન્માન થશે.

# સોંસક કોટનના મંડળીના કેસમાં હાઈકોર્ટ દખલ નહીં કરે

**58 લાખની** કથિત ગેરરીતિ મામલે હોદ્દેદારોની અરજી સામે હાઇકોર્ટે 24 એપ્રિલે આપેલો સ્ટે ઉઠાવી લેવાયો

સુરત : સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલી 100 વર્ષ જૂની સહકારી સંસ્થા સોંસક ગ્રુપ કો-ઓપરેટિવ મંડળીમાં સામે આવેલા રૂ. 58.40 લાખના કથિત નાણાકીય ગેરરીતિના આક્ષેપો મામલે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય આપતા મંડળીના તત્કાલીન હોદ્દેદારો અને સભ્યો દ્વારા કરવામાં આવેલી અરજી નામંજૂર કરી સ્ટે લંબાવવા ઈનકાર કર્યો છે.

સુરતમાં જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હરેશકુમાર કાછડ દ્વારા ગુજરાત સહકારી અધિનિયમની કલમ-93 હેઠળ ફટકારાયેલી શો-કોઝ નોટિસ રદ કરવાની માંગ સાથે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી,મંડળીના હોદ્દેદારોએ એ નોટિસને પડકારતા હાઈકોર્ટે આ 24 એપ્રિલ 2025 ના રોજ સ્ટે આપ્યો હતો.

જોકે સરકાર પક્ષ દ્વારા કોર્ટમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, 65 ખેડૂતોના નામે ખોટી લોનનો મામલો ગંભીર છે અને અત્યારે તપાસ લેવલે મામલો ચાલી રહ્યો છે.તપાસ પૂર્ણ થાય અને અરજદારને લાગે કે,એને અન્યાય થયો છે તો તેઓ માટે અપીલના વિકલ્પ ખુલ્લા હોવાથી તેઓ પુનઃ હાઈકોર્ટ આવી શકે છે. હાઈકોર્ટે અપીલના વિકલ્પ ખુલ્લા હોવા સ્ટે લંબાવવાની માંગ નામંજૂર કરી દીધો હતી. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે શો-કોઝ નોટિસ માત્ર પ્રાથમિક કાર્યવાહીનો ભાગ છે અને આ તબક્કે ન્યાયિક હસ્તક્ષેપ યોગ્ય ગણાવી શકાય નહીં.

હાઈકોર્ટના આ નિર્ણયને કારણે હવે જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા આગળ શું કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તેના પર સહકારી ક્ષેત્રની નજર મંડાઈ ગઈ છે. ખાસ કરીને સુરત ડિસ્ટ્રિક્ટ બેંક તથા સુમુલ ડેરીની આગામી ચૂંટણી પર પણ આ મામલાની રાજકીય અને સહકારી અસર જોવા મળે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. માહિતી અનુસાર, સોંસક ગ્રુપ કો-ઓપરેટિવ મંડળીના વર્ષ 2023-24ના ઓડિટ દરમિયાન ગંભીર નાણાકીય ગેરરીતિઓ બહાર આવી હતી. તપાસ દરમિયાન આશરે રૂ. 58.40 લાખની ઉચાપત થયાનો આક્ષેપ નોંધાયો હતો. મંડળીના હોદ્દેદારોએ આ મામલે કર્મચારીઓ વિરુદ્ધ પોલીસમાં લેખિત ફરિયાદ કરી હતી પણ પોલીસે ગુનો દાખલ કર્યો ન હતો. જિલ્લા રજિસ્ટ્રાર એ આપેલી નોટીસમાં 65 ખેડૂતોના નામે ખોટી રીતે લોન ચઢાવવામાં આવી હતી, જ્યારે સંબંધિત ખેડૂતો ક્યારેય લોન લીધી જ નહોતી.

# સુરેન્દ્રનગરમાં અગ્નિવર્ષા, તાપમાન 44 ડિગ્રી

**આગામી** દિવસોમાં રાજ્યમાં હજી 3 ડિગ્રી ગરમી વધવાની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં કાળઝાળ ગરમીનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે સુરેન્દ્રનગરમાં રાજ્યનું સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. હવામાન વિભાગે આગામી દિવસોમાં ગરમીમાં વધુ 2 થી 3 ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. જેમાં રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમરેલી અને કંડલા એરપોર્ટ પર પણ 43 ડિગ્રી ગરમી નોંધાઈ હતી. વડોદરામાં 42 ડિગ્રી, ડીસામાં 42 ડિગ્રી, ભૂજ, કંડલા પોર્ટ, કેશોદ અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી, ભાવનગરમાં 40 ડિગ્રી જ્યારે સુરતમાં 38 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ વધતા ગરમી સાથે બફારાનો પણ અનુભવ થયો હતો.

છેલ્લા 24 કલાક દરમિયાન દમણ વિસ્તારમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો, જ્યારે ગુજરાત રીજન અને સૌરાષ્ટ્ર-કચ્છમાં તાપમાનમાં ખાસ કોઈ ફેરફાર નોંધાયો નથી. કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું.હવામાન વિભાગ મુજબ પૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં ઉપરના સ્તરે સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત છે. સાથે જ રાજ્ય પર નીચલા સ્તરે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે ગરમીનું પ્રમાણ વધ્યું છે.

### આગામી દિવસોમાં હીટવેવની આગાહી

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં 41 થી 44 ડિગ્રી તાપમાન નોંધાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.સાથે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં 10 મેથી 15 મે દરમિયાન ગરમ અને ભેજવાળું વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે. હીટવેવની સ્થિતિ સુરત, વડોદરા, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ અને આણંદ જિલ્લામાં રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ અને કચ્છ જિલ્લામાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહી શકે છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે મુખ્યત્વે આકાશ સ્વચ્છ રહેવાની આગાહી કરી છે. શહેરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.

### દક્ષિણ ભારત પાસે લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થવાની શક્યતા

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર હાલમાં વાતાવરણમાં રોસ્બી વેવ વોર્ટિસિસ સક્રિય બનતા જોવા મળી રહ્યા છે. બંગાળની ખાડી અથવા અરબી સમુદ્ર વિસ્તારમાં લો-પ્રેશર સિસ્ટમ વિકસિત થવાની શક્યતા છે. આ સિસ્ટમના કારણે દક્ષિણ ભારત અને શ્રીલંકા નજીકના વિસ્તારોમાં આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર જોવા મળી શકે છે. સાથે જ મોનસૂન પવન મજબૂત બનતા દક્ષિણ આંદામાન સમુદ્ર તરફ મોનસૂનની ગતિ આગળ વધવાની સંભાવનાઓ પણ વ્યક્ત થઈ રહી છે.

# પશ્ચિમ બંગાળ હવે વિકાસના નવા યુગમાં પ્રવેશ કરશે : સીએમ

**ભૂપેન્દ્ર** પટેલે સુબેન્દુ અધિકારીને શુભકામના પાઠવી

ગાંધીનગર : ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે પશ્ચિમ બંગાળના નવનિયુક્ત મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના શપથગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે તેમણે નવનિયુક્ત મુખ્યમંત્રીને પુષ્પગુચ્છ અર્પણ કરીને હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદીના દુરંદેશી નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટી શાસિત તમામ રાજ્યો વિકાસ, સુશાસન અને જનકલ્યાણના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યા છે. હવે પશ્ચિમ બંગાળ પણ આ વિકાસયાત્રામાં જોડાયું છે તે આનંદની બાબત છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળ હવે "સોનાર બાંગ્લા"ના સંકલ્પને સાકાર કરશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પશ્ચિમ બંગાળ રાજ્ય વિકાસ, શાંતિ, સુશાસન અને સમૃદ્ધિના માર્ગ પર નવી સિદ્ધિઓ હાંસલ કરે તેવી હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

# જેલ મુલાકાત વેળા વકીલોને પડતી અગવડતા બાબતે જેલ તંત્ર સાથે બેઠક

**રજૂઆતને** ધ્યાને રાખી જેલ પ્રશાસને કેટલાક નિર્ણયો લીધા

**બાર** અને જેલનો સંયુક્ત 'લોગો' લગાવેલી ગાડીને જ પ્રવેશ અપાશે

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના પદાધિકારી ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણી, કવન પટેલ, દિવ્યા કોસમબિયા, ફેની પટેલ તેમજ જેલ કન્વીનર ઉદયભાઈ શિરસાઠ દ્વારા જેલના પ્રશ્નો બાબતે જેલ પ્રશાસન સાથે વ્યવસ્થાની સમીક્ષા બેઠક કરવામાં આવી હતી. લાજપોર જેલ ખાતે મળેલી આ બેઠકમાં ડીવાયએસપી ભટ્ટ તથા જેલરો ઉપસ્થિત રહ્યા હતા. વકીલોને જેલ મુલાકાત વખતે પડતી મુશ્કેલી અને જેલને લગતા પ્રશ્નોના કાયમી ઉકેલ માટે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમા આ મુજબના નિર્ણયો લેવામાં આવ્યાં હતાં. જેમાં વકીલોની મુલાકાત માટે બાર તરફથી અને જેલ તરફથી સંયુક્ત રીતે એક 'લોગો' નક્કી કરવામાં આવશે. જે ગાડી પર 'લોગો' લગાવેલો હશે તેને જેલની અંદર પ્રવેશ આપવામાં આવશે. વકીલો માટે મુલાકાતનો સમય બપોરે ૩:૦૦ વાગ્યાથી રહેશે જેમાં ૪:૦૦ વાગ્યા સુધીમાં એન્ટ્રી આપી દેવામાં આવશે. જે વકીલો સવારે ૯:૦૦ વાગ્યે આવશે તેમને ૧૦:૦૦ વાગ્યે મુલાકાત માટે પ્રવેશ આપવામાં આવશે. લગ્ન પ્રસંગ કે મરણ જેવા ખાસ કિસ્સામાં સાંજે ૬:૩૦ પછી પણ રજૂઆત કરીને જેલ સ્લીપ સ્વીકારવા માટે મંજૂરી આપવામાં આવશે. અત્યંત જરૂરી સંજોગોમાં જામીન ઓર્ડર સાંજે ૫:૦૦ થી ૫:૩૦ દરમિયાન થાય તો પણ ડીવાયએસપી રાજપૂત તથા પીઆઈને ફોનથી જાણ કરવામાં આવશે તો છોડી મુકવાની વ્યવસ્થા કરી શકાશે. વકીલો માટે ભજીયા હાઉસ પાસેશેડનીની ખાતરી આપવામાં આવી છે.

### જેલમાં ચાલતાં વ્યવહારનો મુદો ચર્ચાયો

લાજપોર જેલમાં ચાલતાં ભ્રષ્ટાચારનો મુદ્દો આ બેઠકમા ચર્ચાયો હતો. જેલ કન્વીનર ઉદય શિરસાઠે ટેલીફોનીક વાતચીત જણાવ્યું હતું કે આ બેઠકમા તેઓએ જેલમાં પૈસાની લેતીદેતી બાબતે વાયરલ વિડીયો અને ગુજરાતમિત્રએ પ્રસિદ્ધ કરેલા અહેવાલને ધ્યાનમાં રાખીને પૂછવામાં આવતાં ડીવાયએસપી ભટ્ટે આ બાબતે અજાણ હોવાનું જણાવ્યું હતું.

# ઓખા અને તિરુપતિ વચ્ચે 11 મેથી નવી સાપ્તાહિક ટ્રેન

અમદાવાદ : મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા 11 મે 2026થી ઓખા અને તિરુપતિ વચ્ચે નવી સાપ્તાહિક ટ્રેન શરૂ કરવામાં આવી રહી છે. ટ્રેન નંબર 19560/19559 ઓખા-તિરુપતિ એક્સપ્રેસ (સાપ્તાહિક) ટ્રેન નંબર 19560 ઓખા-તિરુપતિ એક્સપ્રેસ (સાપ્તાહિક) 11 મે, 2026થી ઓખાથી દર સોમવારે રાત્રે 23.35 વાગ્યે પ્રસ્થાન કરશે, મંગળવારે સવારે 08.00 વાગ્યે અમદાવાદ પહોંચશે અને બુધવારે રાત્રે 23.30 વાગ્યે તિરુપતિ પહોંચશે.

આ જ રીતે, ટ્રેન નંબર 19559 તિરુપતિ-ઓખા એક્સપ્રેસ (સાપ્તાહિક) 14 મે, 2026થી તિરુપતિથી દર ગુરુવારે સવારે 08.15 વાગ્યે પ્રસ્થાન કરીને શનિવારે 01.10 વાગ્યે અમદાવાદ પહોંચશે તથા 11.50 વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, ઉધના, નંદુરબાર, આમલનેર, જલગાંવ, ભુસાવળ, મલકાપુર, અકોલા, વાશિમ, હિંગોલી ડેકન, બસમત, પૂર્ણા, હઝૂર સાહેબ નાંદેડ, બાસર, નિઝામાબાદ, રાજમપેટા તથા રેણિગુન્ટા સ્ટેશનો પર રોકાશે.